| | |
|---|---|
| સત્યમેવ જયતે<br>ગુજરાત સરકાર | **નોંધણી સર નિરીક્ષકની કચેરી**<br>**સ્ટેમ્પ અને નોંધણી ભવન, બીજો માળ,ખ-૫ સર્કલ પાસે,**<br>**સેક્ટર-૧૪,ગાંધીનગર-૩૮૨૦૧૬**<br>**ફોન નં.(૦૭૯) ૨૩૨૮૮૬૧૪, (૦૭૯) ૨૩૨૮૮૩૪૨** |

**ક્રમાંક : ઇજર/વહટ/૩૫૫/૨૦૧૯/** ४७७०३

તા. 30/१२/२२ /૧૨/૨૦૨૨

વંચાણે લીધુ - (૧) ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક/એસટીપી/૧૨૧૯/૪૩૬૧/હ.૧, તા.૨૦/03/૨0૨0

(૨) ગુજરાત સરકાર, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક/એસટીપી/૧૨૧૯/૪૩૬૧/હ.૧, તા.૧૪/૦૭/૨૦૨૦

(૩) **ક્રમાંક : ઇજર/વહટ/૩૫૫/૨૦૧૯/૨૩૮૨૭, તા.૨૪/૦૮/૨૦૨૦**

(૪) **ક્રમાંક : ઇજર/વહટ/૩૫૫/૨૦૧૯/૨૫૭૭૫, તા.૨૪/૦૬/૨૦૨૨**

<u>પરિપત્ર</u> :

રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજોની નોંધણી બાદ અસલ દસ્તાવેજોને મજકુર સાબીત કરવા માટે રજીસ્ટ્રેશન એક્ટ-૧૯૦૮ ની કલમ-૫૭ મુજબ સંબંધિત પક્ષકારોને નોંધણી નિયમ સંગ્રહ ભાગ-૨ ના નિયત નમુનાનું ફોર્મ નં.-3 (શોધ લેવાની અથવા નકલ માટેની અરજી) પર કોર્ટ ફી રૂા. 3 લગાડ્યા બાદ અનુક્રમણિકા નં.-૨ ની નકલ માટે રૂા. ૨૦/- ની નકલ ફી તથા અનુક્રમણિકા નં.-૨ ની નકલ ઉપર રૂા. ૩૦૦/- સ્ટેમ્પ વાપરેથી સબ રજીસ્ટ્રાર કચેરીમાં જે દસ્તાવેજની નોંધણી થઇ ગયેલ હોય, તેવા દસ્તાવેજની અનુક્રમણિકા નં.-૨ નકલ આપવામાં આવે છે.

ઉપરોકત વંચાણે લીધેલ આમુખ-(૧) અને (૨) વાળા પરિપત્રોથી સરકારશ્રીના મહેસુલ વિભાગ દ્વારા સબ રજીસ્ટ્રાર કચેરીમાં ગયા વગર અનુક્રમણિકા નં.-૨ ઘરે બેઠા ઓનલાઇન મેળવી શકાય તેવી જોગવાઇ દાખલ કરેલ છે. તે મુજબ ઉપર્યુકત વંચાણે લીધેલ આમુખ-(૩) વાળા અત્રેના પરિપત્રથી આ અનુક્રમણિકા નં.-૨ ની નકલ માટે વસુલવાની કોર્ટ ફી, નકલ ફી તથા વાપરવાના થતા સ્ટેમ્પની વસુલાત ઓનલાઇન ચુકવણી કરીને પક્ષકાર અનુક્રમણિકા નં.-૨ ની પ્રમાણિત નકલ "IORA Portal" (https://iora.gujarat.gov.in) પરથી મેળવી શકશે તેવી જોગવાઇ કરવામાં આવેલ હતી.

અનુક્રમણિકા નં.-૨ માટે કોર્ટ ફી રૂ. ૩/-, નકલ ફી રૂ. ૨૦/- તથા સ્ટેમ્પ ફી રૂ. ૩૦૦/- એમ મળીને કુલ રકમ રૂ. ૩૨૩/- ઓનલાઇન ઇ-પેમેન્ટ કરીને "IORA Portal" (**https://iora.gujarat.gov.in**) મારફત પક્ષકાર e-seal (Digital Seal), સબ રજીસ્ટ્રાર કચેરીનો સીસ્ટમ જનરેટેડ સીલ તથા QR કોડ સાથેની પ્રમાણિત નકલ મેળવી શકે છે.

વધુમાં જણાવવાનું કે જે સબ રજીસ્ટ્રાર કચેરીઓનું રેકર્ડ કોમ્પ્યુટરાઈઝ્ડ થયેલ છે તે સબ રજીસ્ટ્રાર કચેરીઓમાંથી અનુક્રમણિકા નં.-૨ ઓનલાઈન સ્વરૂપે ઉપલબ્ધ હોવાથી ભૌતિક સ્વરૂપે આપવાની પ્રણાલી તા.૦૧/૦૧/૨૦૨૩થી બંધ કરવામાં આવે છે અને ફક્ત "IORA Portal" (https://iora.gujarat.gov.in) મારફત પક્ષકારે અનુક્રમણિકા નં.-૨ ઓનલાઈન જ મેળવવાની રહેશે તથા સબ રજીસ્ટ્રાર કચેરી દ્વારા પણ કમ્પ્યુટરાઈઝેશન બાદની અનુક્રમણિકા નં.-૨(Index-2) ને કચેરીમાંથી ભૌતિક સ્વરૂપે આપવાની રહેશે નહિ. સદર પ્રક્રીયાને કારણે કચેરીનાં સંશાધનોનો યોગ્ય ઉપયોગ કરી શકાશે અને જાહેર જનતા ઘરેબેઠાં અનુક્રમણિકા નં.-૨(Index-2)ની પ્રમાણિત નકલ કોઈપણ અંતરાય વિના સરળતાથી મેળવી શકાશે, જેનાથી જાહેર જનતાના સમય અને નાણાંની બચત થશે.

આ નકલને નોંધણી અધિનિયમ, ૧૯૦૮ ની કલમ-૫૭ (૫) મુજબ પ્રમાણીત નકલ ગણવાની રહેશે તથા આ અંગે અલગથી સબ રજીસ્ટ્રાર કચેરીમાં જઇને સહી સિક્કા લગાવવાના રહેશે નહી.

(જેનું દેવન, IAS)
નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

બિડાણ: (૧) ઇન્ડેક્ષ-૨ ઓનલાઇન મેળવવા માટેની કાર્યપદ્ધતિ.
(૨) કોમ્પ્યુટરાઈઝ્ડ થયેલ સબ રજીસ્ટ્રાર કચેરીઓની યાદી

પ્રતિ,
(૧) સબ રજીસ્ટ્રારશ્રી તમામ.

નકલ સવિનય રવાના:
(૧) અંગત સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય તરફ જાણ સારૂ.
(૨) અંગત સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગના તરફ

નકલ રવાના,
(૧) કલેકટરશ્રી તમામ.
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ.
(૩) સેટલમેન્ટ કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી(સ્ટેમ્પ), મહેસુલ વિભાગ, હ.૧, સચિવાલય, ગાંધીનગર.
(૫) અધિક સુપ્રિ.ઓફ.સ્ટેમ્પસશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૬) પ્રાંત અધિકારીશ્રી તમામ.
(૭) નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન તંત્રની કચેરી તમામ.
(૮) મદદનીશ નોંધણી સર નિરીક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તમામ.
(૯) મામલતદારશ્રી તમામ.
(૧૦) નોધણી નિરીક્ષકશ્રી તમામ.
(૧૧) સિનિયર સિસ્ટમ એનાલિસ્ટ, નેશનલ ઇન્ફોર્મેટીક્સ સેન્ટર, બ્લોક નં. ૧૩, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) તમામ સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટશ્રીની કચેરી.
(૧૩) નોંધણી સર નિરીક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કચેરીની તમામ શાખા.
(૧૪) શાખા સિલેક્ટ ફાઇલ.

# i-ORA પોર્ટલ મારફત ઇન્ડેક્ષ-૨ ની નકલ ઓનલાઇન મેળવવા માટેની કાર્યપદ્ધતિ

1. અરજદાર iORA ( https//iora.gujarat.gov.in) પોર્ટલ મારફત અમદાવાદ જીલ્લામાં સને ૧૯૯૪ થી, વડોદરા, સુરત, રાજકોટ, જુનાગઢ, ભાવનગર અને જામનગર જીલ્લામાંથી સને ૨૦૦૫ થી તથા ત્યારબાદ કુલ ૧૨૪ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં સને ૨૦૦૭ થી તેમજ ત્યારબાદ જે સબ રજીસ્ટ્રાર કચેરી જે વર્ષમાં ચાલુ થયેલ હોય તે વર્ષથી સબ રજીસ્ટ્રાર કચેરીમાં જે દસ્તાવેજની નોંધણી થઇ ગયેલ હોય, તેવા દસ્તાવેજની અનુક્રમણિકા નં.-૨ નકલ મેળવી શકશે. અનુક્રમણિકા નં.-૨ માં નોંધાયેલ દસ્તાવેજની વિગતો જેમ કે, ગામનું નામ, દસ્તાવેજના પ્રકાર/અવેજ, મિલકતનું વર્ણન, લખી આપનારનું નામ, લખાવી લેનારનું નામ, સહી તારીખ/મતુ તારીખ, અનુંક્રમ નંબર અને વોલ્યુમ નંબર, શેરો જેવી વિગતો દર્શાવેલી હોય છે.
2. અરજદારે iORA પોર્ટલના મુખ્ય પાના ઉપર જઇ **"સબ રજીસ્ટ્રાર કચેરી સંબંધિત અરજી"** ઉપર click કરવું.
3. અરજીનો પ્રકારમાં **"ઇન્ડેક્ષ-૨ ની નકલ મેળવવા માટેની અરજી"** Select કરી અરજદારનો મોબાઇલ નંબર, ઇ-મેલ આઇ.ડી.ની વિગતો ભરી કોડ નાખી **"Generate OTP"** બટન ઉપર click કરવું.
4. ત્યારબાદ જીલ્લાનું નામ, તાલુકાનું નામ, સબ રજીસ્ટ્રાર કચેરીના નામની વિગતો પસંદ કરી મોબાઇલ નંબર તથા ઇ-મેલ ઉપર મળેલ OTP ની વિગતો એન્ટર કરી "Submit" બટન ઉપર Click કરવું.
5. ત્યારબાદ અરજદારનું નામ, સરનામું, રીમાર્ક્સ, દસ્તાવેજ નંબર અને દસ્તાવેજનું વર્ષ જેવી વિગતો ભરી "Search" બટન ઉપર Click કરવું, ત્યાર બાદ **"Add"** બટન ઉપર click કર્યા બાદ **"Save"** બટન ઉપર click કરતાં એપ્લિકેશન નંબર જનરેટ થશે તે નોંધી **"Ok"** બટન ઉપર Click કરવું.
6. ત્યારબાદ કોર્ટ ફી રૂ. ૩/-, નકલ ફી રૂ. ૨૦/- તથા સ્ટેમ્પ ફી રૂ. ૩૦૦/- એમ મળીને કુલ રકમ રૂ. ૩૨૩/- રૂપિયા પેમેન્ટ કરવા માટે **"Save and go to cyber treasury Gujarat payment"** ઉપર click કરવું.
7. Select payment method ઓપ્શનમાં અનુકુળતા મુજબ **"Net Banking"** અથવા **"Payment Gate Way"** પર click કરવું.
8. ત્યારબાદ **"Confirm"** અને **"Submit"** ઉપર Click કરવું. Payment Details જરૂરી રકમની ચુકવણી કરવી.
9. જરૂરી રકમની ચુકવણી/ઇ-પેમેન્ટ સક્સેસ થયા બાદ ઇન્ડેક્ષ-૨ ની નકલ મેળવી શકાશે. સદર કોપી મેળવવા માટે **"Print Copy"** ઉપર click કરી ઇન્ડેક્ષ-૨ ની નકલ ડાઉનલોડ કરી મેળવી શકાશે.
10. અનુક્રમણિકા નં.-૨ ની નકલ e-seal (Digital Seal), સબ રજીસ્ટ્રાર કચેરીનો સીસ્ટમ જનરેટેડ સીલ તથા QR કોડ સાથેની PDF (સોફ્ટ કોપી) મેળવી શકશે.
11. આ પ્રમાણે મેળવેલ અનુક્રમણિકા નં.-૨ ની નકલને નોંધણી અધિનિયમ, ૧૯૦૮ ની કલમ-૫૭ (૫) મુજબ પ્રમાણિત નકલ ગણવાની રહેશે.

બિડાણ:૨

## કોમ્પ્યુટરાઇઝ થયેલ કચેરીઓની યાદી

| અ.નં. | જીલ્લાનું નામ | કચેરીનું નામ | તારીખ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ-૧ સીટી | ૦૧/૦૧/૧૯૯૫ |
| ૨ | | અમદાવાદ-૨ વાડજ | |
| ૩ | | અમદાવાદ-૩ મેમનગર | |
| ૪ | | અમદાવાદ-૪ પાલડી | |
| ૫ | | અમદાવાદ-૫ નારોલ | |
| ૬ | | અમદાવાદ-૬ નરોડા | |
| ૭ | | અમદાવાદ-૭ ઓઢવ | |
| ૮ | વડોદરા | વડોદરા-૧ સીટી | ૦૧/૦૫/૨૦૦૫ |
| ૯ | | વડોદરા-૨ દંતેશ્વર | |
| ૧૦ | | વડોદરા-૩ અકોટા | |
| ૧૧ | | વડોદરા-૪ ગોરવા | |
| ૧૨ | રાજકોટ | રાજકોટ-૧ સીટી | ૦૧/૦૫/૨૦૦૫ |
| ૧૩ | | રાજકોટ-૨ મોરબી રોડ | |
| ૧૪ | | રાજકોટ-૩ રતનપર | |
| ૧૫ | | રાજકોટ-૪ રૈયા | |
| ૧૬ | સુરત | સુરત-૧ અઠવા | ૦૧/૦૫/૨૦૦૫ |
| ૧૭ | | સુરત-૨ ઉધના | |
| ૧૮ | | સુરત-૩ નવાગામ | |
| ૧૯ | | સુરત-૪ કતારગામ | |
| ૨૦ | ભાવનગર | ભાવનગર-૧સીટી | ૦૧/૦૫/૨૦૦૫ |
| ૨૧ | | ભાવનગર-૨ રૂવા | |
| ૨૨ | | ભાવનગર-૩ ચિત્રા | |
| ૨૩ | જામનગર | જામનગર ઝોન-૧ | ૦૧/૦૫/૨૦૦૫ |
| ૨૪ | | જામનગર ઝોન-૨ | |
| ૨૫ | જુનાગઢ | જુનાગઢ-૧ ટીંબાવાડી | ૦૧/૦૫/૨૦૦૫ |

અન્ય તમામ કચેરીઓ તા.૦૧/૦૪/૨૦૦૭ થી કોમ્પ્યુટરાઇઝેશન હેઠળ કાર્યરત છે.